## અશન શાખા

## માહીતિ અધિકાર અધિનિયમ ૨૦૦૫ની કલમ કલમ-૪(૧)(ખ) હેઠળ જાહેર સત્તા મંડળ ધ્વારા સ્વયં જાહેર કરવાની માહિતી (PAD)

.............................................................................................................................................

**મુદ્દા નં.૧ પોતાના વ્યવસ્થાતંત્ર, કાર્યો અને ફરજોની વિગતો**

ગુજરાત સ્ટેમ્પ અધિનયમ-૧૯૫૮ની કલમ-૧૮ અને કલમ-૩૧ હેઠળ પક્ષકાર/અરજદારશ્રી ઓ દ્વારા સ્ટેમ્પ ડયુટીના ન્યાય નિર્ણય અર્થે રજુ કરવામાં આવતાં લેખ/દસ્તાવેજો ઉપર કલેકટર તરીકે સ્ટેમ્પ ડયુટીનો નિર્ણય કરવા અંગેની કામગીરી.

**મુદ્દા નં.૨ પોતાની સંસ્થા, કામગીરી અને ફરજોની વિગત**

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ-૧૯૫૮ ની કલમ-૩૧ હેઠળ અરજદારશ્રી/પક્ષકારશ્રી દ્વારા કોઇ યોગ્ય લેખ, પછી તે કરી આપ્યો હોય કે ન હોય તેની ઉપર અગાઉ સ્ટેમ્પ માર્યા હોઇ કે ન હોય, તે કલેકટર અને અધિક સુપ્રિ. ઓફ સ્ટેમ્પ પાસે લાવવામાં આવે અને તે લાવનાર વ્યકિત લેખ ઉપર ડયુટી લેવાપાત્ર થતી હોય તો કેટલી સ્ટેમ્પ ડયુટી લેવાપાત્ર થાય છે તે બાબતે અધિકારીનો અભિપ્રાય માગે અને એકસો રૂપિયાથી વધારે નહીં અને પચ્ચીસ રૂપિયાથી ઓછી નહીં એવી રકમ કલેકટર દરેક દાખલામાં ફરમાવે તે રકમની ફી ભરે ત્યારે તે લેખ ઉપર, પોતાની વિવેકબુદ્ધિ પ્રમાણે કેટલી ડયુટી લેવાપાત્ર થાય છે તે કલેકટર નકકી કરે છે.

**મુદ્દા નં.૩ નિરીક્ષણ (દેખરેખ) અને જવાબદારીના માધ્યમો સહિત લેવાની પ્રક્રિયામાં તેમણે અનુસરવાની કાર્યરીતિ.**

કલેકટર અને અધિક સુપ્રિ. ઓફ સ્ટેમ્પ પાસે કલમ-૧૮ અને કલમ-૩૧ હેઠળ લેખ લાવવામાં આવે તો અભિપ્રાય માગતી વખતે અરજદારશ્રીએ ન્યાય નિર્ણય ફીની રકમ એકસો રૂપિયાથી વધારે નહીં અને પચ્ચીસ રૂપિયાથી ઓછી નહીં એવી રકમ કલેકટર ફરમાવે તે મુજબ તેમજ અસલ લેખ અને લેખની નકલ રજુ કરવાની રહે છે. અરજદારશ્રીએ લેખની નકલ ઉપર રૂા.૧૦/- ની કોર્ટ ફી તથા અભિપ્રાય અર્થે રજુ કરેલ અરજી ઉપર રૂા.૩/- ની કોર્ટ ફી લગાવવાની રહે છે.

વધુમાં, કલેકટર સ્ટેમ્પ ડયુટીનો અભિપ્રાય આપવાનો હોય તે હેતું માટે લેખનો સારાંશ હોય અથવા તે લેખની ડયુટી ભરવાની પાત્રતા ઉપર અથવા તે લેખ ઉપર લેવાપાત્ર ડયુટીની રકમ ઉપર અસર કરતી બીજી તમામ હકીકતો અને સંજોગો તે લેખમાં પૂરેપુરા તથા ખરેખરા જણાવ્યા છે એવું સાબિત કરવા પોતાને જરૂરી લાગે એવું સોગંદનામું અથવા બીજા પુરાવો પોતાને પૂરો પાડવા

જણાવી શકે છે. કલેકટર દ્વારા જણાવવામાં આવેલ સોગંદનામું અને બીજા પુરાવા પૂરા પાડવામાં ન આવે ત્યાં સુધી એવી કોઇ જ અરજી ઉપર કાર્યવાહી કરવાની ના પાડી શકે છે.

કલેકટર દ્વારા આપવામાં આવેલ નિર્ણય મુજબ અરજદારશ્રી દ્વારા સ્ટેમ્પ ડયુટી ભરપાઇ કર્યેથી ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ-૧૯૫૮ ની કલમ-૩૨ હેઠળ લેખ પ્રમાણિત કરી આપવા અંગેની કામગીરી.

કલેકટર દ્વારા આપવામાં આવેલ નિર્ણયથી જો અરજદારશ્રી નારાજ હોય તો નિર્ણયની તારીખથી દિન-૯૦ માં સ્ટેમ્પ ડયુટીની રકમના ૨૫ % રકમ અનામત તરીકે ભરપાઇ કરી મે.મુખ્ય નિયંત્રક મહેસુલી પ્રાધિકારીશ્રી, સ્ટેમ્પ અને નોંધણી ભવન, ખ-૫ સર્કલ પાસે, સેકટર-૧૪ ગાંધીનગરને ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ-૧૯૫૮ ની કલમ-૫૩(૧) હેઠળ અપીલ અરજી કરી શકશે.

**મુદ્દા નં.૪ પોતાના કાર્યો બજાવવા માટે પોતે નકકી કરાયેલા ધોરણો.**

કલાર્ક/સ્ટેમ્પ નિરીક્ષક ઉપસ્થિત થતાં પ્રકરણોમાં પ્રાથમિક નોંધ લખી કચેરી અધિક્ષકને રજુ કરે છે. કચેરી અધિક્ષક નિયમોનુસાર પ્રકરણ નાયબ મદદ. સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સશ્રીને પોતાના મંતવ્ય સહ રજુ કરે છે. નાયબ મદદ. સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સશ્રી પણ પોતાના મંતવ્ય સહ પ્રકરણ સ્ટેમ્પ ડયુટીના નિર્ણય અર્થે કલેકટર અને અધિક સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સશ્રીને રજુ કરે છે. જેમાં કલેકટર પ્રકરણે લેખનો સારાંશ, હકીકતો અને પુરાવાઓ ધ્યાને લઇ પોતાની વિવેકબુદ્ધિ અનુસાર સ્ટેમ્પ ડયુટીનો નિર્ણય કરે છે.

**મુદ્દા નં.૫ પોતાના કાર્યો મુકત કરવા માટે તેના કર્મચારીઓ દ્વારા ઉપયોગમાં લેવાયેલા અથવા અંકુશ હેઠળ અથવા તેના દ્વારા રખાયેલ નિયમો, વિનિયમો, સુચનાઓ, મેન્યુઅલ્સ (નિયમ-સંગ્રહો) અને રેકોર્ડસ**

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ-૧૯૫૮ અને મુંબઇ સ્ટેમ્પ (મિલકતની બજારકિંમત નકકી કરવા બાબત) નિયમો-૧૯૮૪ તેમજ સરકારશ્રી દ્વારા સમયાંતરે આપવામાં આવતી સૂચનાઓના પરિપત્રો અને ઠરાવો.

**મુદ્દા નં.૬ પોતાની પાસે અથવા પોતાના અંકુશ હેઠળ રખાયેલા વિવિધ કેટેગરીઓના દસ્તાવેજોનું નિવેદન**

ફાઇલ રજીસ્ટર, કલમ-૩૨ હેઠળ આપવામાં આવતાં પ્રમાણપત્રોનું રજીસ્ટર, વિધાનસભા અતારાંકિત અને તારાંકિત પ્રશ્નોનું રજીસ્ટર, હાઇકોર્ટ મેટર રજીસ્ટર, કલમ-૩૩ હેઠળ સ્ટેમ્પ ડયુટીની વસુલાત અર્થે મોકલી આપવામાં આવતાં કેસોનું રજીસ્ટર, કલમ-૫૩(૧) અને કલમ-૫૩(ક) હેઠળ મે.મુખ્ય નિયંત્રક મહેસુલી પ્રાધિકારીશ્રીને મોકલી આપવામાં આવતાં કેસોનું રજીસ્ટર, વિગેરે.

**મુદ્દા નં.૭ તેની નીતિ ઘડવાના અથવા તેના અમલીકરણ સંબંધમાં જાહેર જનતાના સભ્યો દ્વારા રજુઆત કરાયેલી અથવા સાથે ચર્ચા માટે રહેલી કોઇપણ વ્યવસ્થાની વિગતો**

આવી કોઇ જ ગોઠવણ થયેલ નથી.

**મુદ્દા નં.૮ પોતાની સલાહના હેતુ માટે અથવા તેના ભાગ તરીકે રચાયેલી બે કે તેથી વધુ વ્યકિતઓ ધરાવતા બોર્ડ, કાઉન્સીલ, કમિટીઓ અને બીજા મંડળોનું નિવેદન અને આ બોર્ડ, કાઉન્સીલ, કમિટી અને અન્ય મંડળોની બેઠકો જાહેર પ્રજા માટે ખુલ્લી છે કે કેમ ? અથવા આવી બેઠકની વિગતો જાહેર પ્રજા મેળવી શકે છે કે કેમ ? તેનું નિવેદન**

શૂન્ય માહિતી

**મુદ્દા નં.૯ અને મુદ્દા નં.૧૦ અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા**

**અશન શાખા :**

| અ.નં. | હોદો | નામ | તા.૦૧/૦૭/૨૦૧૮ની સ્થિતિએ મુળ પગાર. |
|---|---|---|---|
| ૧. | અધિક સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સ (વર્ગ-૧) (ઈ.ચા.) | શ્રી રીન્કેશ પટેલ | |
| ૨. | નાયબ મદદ. સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સ (વર્ગ-૨) | શ્રી બી.જે.પટેલ | રૂા.૫૮૬૦૦/- |
| ૩. | કચેરી અધિક્ષક (વર્ગ-૩) | શ્રી એ.કે.પટેલ | રૂા.૪૧૧૦૦/- |

**મુદ્દા નં.૧૧ તમામ યોજનાઓ સુચિત ખર્ચ અને કરેલી વહેચણી પરના અહેવાલની વિગતો દર્શાવતી તેની દરેક એજન્સી ફાળવેલ અંદાજપત્ર**

કચેરીની હિસાબી શાખા નકકી કરે છે.

**મુદ્દા નં.૧૨ ફાળવેલ રકમો અને એવા કાર્યક્રમોના લાભાર્થીઓની વિગતો સહિત આર્થિક સહાય કાર્યક્રમોની અમલ બજવણીની રીતે**

શૂન્ય માહિતી

**મુદ્દા નં.૧૩ તેણે આપેલ છુટછાટો, પરવાનગીઓ અથવા અધિકૃતિઓ મેળવાનારની વિગત**

શૂન્ય માહિતી

**મુદ્દા નં.૧૪ ઇલેકટ્રોનીકસ સ્વરૂપમાં તેને ઉપલબ્ધ અથવા તેણે નિભાવેલ માહિતીની વિગતો**

શૂન્ય માહિતી

**મુદ્દા નં.૧૫ માહિતી મેળવવા માટે નાગરીકોને ઉપલબ્ધ થતી સવલત :**

સરકારશ્રી દ્વારા નકકી થયા મુજબ

**મુદ્દા નં.૧૬ જાહેર માહિતી અધિકારીનું નામ, હોદ્દો અને બીજી વિગતો**

જાહેર માહિતી અધિકારીઃ- શ્રી બી.જે.પટેલ, નાયબ મદદ. સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સ (મહેકમ) ,
ગુજરાત રાજય, ગાંધીનગર. ફોન નં. ૦૭૯-૨૩૨૮૮૨૬૫

અપીલ અધિકારીઃ- શ્રી રીન્કેશ પટેલ, (ઈ.ચા.) અધિક સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સ,
ગુજરાત રાજય, ગાંધીનગર. ફોન નં. ૦૭૯-૨૩૨૮૮૪૫૨

**મુદ્દા નં.૧૭ અન્ય ઉપયોગી માહિતી**

શૂન્ય માહિતી

(બી.જે.પટેલ)
**જાહેર માહિતી અધિકારી**
**અને**
**નાયબ મદદ. સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સ**
**ગુજરાત રાજય, ગાંધીનગર.**